આદિમજુથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધા આપવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીટીજી/૧૧૧૩/ન.બા.૪૬/ગ
સચિવાલય ગાંધીનગર.
તા. ૨૦/૧૧/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ ના તા.૧૮/૪/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ પીટીજી/૧૧૧૩/ન.બા.૪૬/ચ.

(૨) કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ) ના તા.૧૭/૧/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ આ.વિ/અદમ/ ન.બા.૬૬/૨૦૧૩-૧૪.

આમુખ ક્રમાંકઃ(૧) જણાવેલા તા.૧૮/૪/૨૦૧૩ ના ઠરાવથી આદિમજુથના લોકોના સંપૂર્ણ વિકાસ માટે તેમને છ પાયાની સુવિધા આપવા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂપિયા ૧૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી અને નાણાકીય મંજુરી આપવામાં આવી છે, આદિમજુથનાં લોકોને વધુ સારી રીતે યોજનાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પૂખ્ત વિચારણાને અંતે તા.૧૮/૪/૨૦૧૩ના ઠરાવને રદ કરી નીચે મુજબ ફેરફાર સાથેના ઠરાવ ને આથી મંજુરી આપવામાં આવે છે.

## ઠરાવ :-

**આવાસ**

(૧) આદિમજુથ જાતિના ૦ થી ૨૦ સ્કોર ધરાવતા બીપીએલ કુટુંબને આવાસ પુરા પાડવા અથવા તેમના આવાસોમાં સુધારા વધારા કરવા. જેમની પાસે મકાન બનાવવા જમીન ઉપલબ્ધ ન હોય તેમને જિલ્લા વહીવટી તંત્રએ મકાન માટે જમીન ઉપલબ્ધ કરાવવાની રહેશે. મકાન બાંધકામ તથા મકાનમાં સુધારા વધારા કરવા માટે ઇન્દીરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના સાથે તેના ધારા ધોરણો મુજબ અમલ કરવાનો રહેશે. પરંતુ આ યોજના માંથી ફંડ ફાળવી શકાશે.

આદિમજુથ જાતિના કુટુંબો ૦ થી ૨૦ બીપીએલ કેટેગરીમાં ન આવતા હોય

અને પોતાનું પાકું મકાન ન ધરાવતા હોય તેમને મકાન બાંધકામ માટે મંજુરી આપી શકાશે.

આ ઉપરાંત મકાન ધરાવતા જે આદિમજુથ ૦ થી ૨૦ કેટેગરીમાં આવતા હોય તેમને મકાન સુધારા વધારા કરવા માટે મંજુરી આપી શકાશે.

મકાન બાંધકામ અથવા સુધારા વધારા માટે ઇન્દીરા આવાસ યોજનાના નાણાકીય ધારાધોરણ આપનાવવાના રહેશે.

<u>વિજળી કરણઃ-</u>

(૨) આદિમજુથ જાતિનું કુટુંબ બીપીએલ યાદીમાં આવે કે કેમ? તે ધ્યાને લીધા સિવાય દરેક ઘરમાં વીજળીકરણ કરવું.

આદિમજુથ લોકોના મકાનોમાં વીજળીકરણ માટે કુટીર જયોતિ યોજના અને રાજીવ ગાંધી ગ્રામીણ વિધુતિકરણ યોજના હેઠળના નિયમો અનુસરવાના રહેશે. આ માટે ફંડ ઓછું પડે તો કુલ અંદાજીત ખર્ચના ૫૦ ટકા જેટલી રકમ આ યોજનાના ફંડમાંથી ફાળવી શકાશે.ફળીયાનું વિજ્ળીકરણ બાકી હોય તો ત્યાં તથા લો વોલ્ટેજ ના પ્રશ્નો હોય ત્યાં ડી.પી/ટ્રાન્સસફોર્મર ફાળવી શકાશે.

<u>રસ્તાઃ-</u>

(૩) આદિમજુથ વસ્તી ધરાવતા વિસ્તારોમ મુખ્ય રસ્તાને જોડતા રસ્તા બનાવવા. તેમજ ગામના પરા વિસ્તાર સુધી સી.સી.રોડ બનાવવા. સી.સી.રોડ ને ગુજરાત પેટર્ન હેઠળ અગ્રતા આપવાની રહેશે. આ માટે ગુજરાત પેટર્નનું ફંડ અપુરતું જણાય તો બાકીનું ફંડ આ યોજનામાંથી લઇ શકાશે.

<u>પીવાનું પાણી</u>

(૪) આદિમજુથ જાતિના દરેક ઘરમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવી શકય હોય ત્યાં ઘરમાં પાણીની પાઇપલાઇનની સુવિધા ઉપલબ્ધ કરાવવી.

<u>શિક્ષણઃ-</u>

(૫) (ક) આદિમજુથ કુટુંબના સ્કુલમાં ન જતા બાળકોનો સર્વે કરી તેવા બાળકોને સ્કૂલમાં મોકલવા. આ હેતુ માટે જરૂર જણાય તો આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ અંગેની ગાઇડ લાઇનમાં સુધારા લાવી સ્કુલમાં ન જતા બાળકોને પ્રવેશ અપાવવો. સ્થાનિક આશ્રમશાળાઓ અને માંડવી, બારડોલી, સુરત જેવા મોટા શહેરોમાં કેટલાક નવા શરૂ થતા છાત્રાલયોમાં આ બાળકોનું સંખ્યાબળ વધારવાની જરૂર જણાય તો તે અંગેની દરખાસ્ત તૈયાર કરી અલગથી સરકારમા મંજુરી માટે રજુ કરવી. શાળાએ ન જતા દરેક બાળકની નોંધણી કરી હાલ ચાલતી

આશ્રમશાળામાં બાળકોની માન્ય સંખ્યાની અંદર સમાવવા માટે પ્રયાસ કરવાના રહેશે. જે આશ્રમશાળાની માન્ય સંખ્યાના ૭૫ ટકાથી વધુ આદિમજુથ બાળકોની નોંધણી થયેલ હોય તેવી આશ્રમશાળામાં જરૂર જણાય ત્યાં માન્ય સંખ્યામાં વધારો કરવા માટે સરકારને દરખાસ્ત કરી શકાશે. તે જ પ્રમાણે આદિમજુથ વિસ્તારની આદર્શ નિવાસી શાળામાં પણ સંખ્યા વધારો થઇ શકશે.

(ખ) જે આશ્રમ શાળા, સરકાર સંચાલિત પ્રાથમિક/માધ્યમિક શાળા, આદર્શ નિવાસી શાળામાં આદિમજુથના વિધાર્થીઓની સંખ્યા ૫૦ ટકાથી વધારે હોય ત્યા શાળા/છાત્રાલય માટે આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવી.

<u>આર્થિક ઉત્કર્ષની યોજનાઃ-</u>

(૬) યોજના દીઠ ઓછામાં ઓછા ૨૫૦ લાભાર્થીઓની યાદી બનાવી આર્થિક વિકાસની યોજનાઓ શરૂ કરવી. જેમ કે કૃષિ આધારીત, પશુપાલન આધારીત, મત્સ્ય ઉધોગ વ્યવસાયલક્ષી તાલીમ, કોશલ્ય વર્ધન તાલીમ વિગેરે.

આર્થિક ઉત્કર્ષની યોજનાના અમલીકરણ માટે માળખાકીય સુવિધા ઉભી કરવા અથવા વધારવા માટે આ યોજનામાંથી ફંડ ફાળવી શકાશે.

(૭) આ યોજનામાંના કેટલાક કામો પીપીપી મોડ માં શરૂ કરી શકાશે. જે માટે પ્રોજેક્ટ પાર્ટનર જાહેરાત આપીને અને જયા શકય હોય ત્યા ઇ-ટેડન્ડરીંગથી પસંદ કરવાના રહેશે.

(ક) દરેક પરિસરમાં સર્વે કરી કમિશનર (આ.વિ) દ્વારા સંબંધિત વિભાગો સાથે સમન્વય કરી લાભાર્થીઓને ચાલુ કામો અને ચાલુ યોજના સાથે સાંકળવા ના રહશે.

(ખ) ઉપર દર્શાવેલ ૬ યોજનાઓ સિવાય અન્ય યોજનાઓ કમિટિ ઓફ ડાયરેકશન પાસેથી પ્રોજેક્ટ મેળવી શિક્ષણ અને મંજૂર વિભાગના તા.૨૮/૭/૭૬ ના ઠરાવ ક્રમાંક:ટીએપી/૧૦૭૬/૧૩૩૮(સી) આર-૧ માં દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(ગ) રાજ્ય સ્તરે દરખાસ્તો મંજુર કરવા નીચે મુજબની સમિતિની રચનાને મંજુરી આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧- | સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, | અધ્યક્ષ |
| ૨- | કમિશનર શ્રી, આદિજાતિ વિકાસ, | સભ્ય |
| 3- | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી.સેગ, | સભ્ય |
| ૪- | માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ (ઓછામાં ઓછા નાયબ સચિવશ્રીકક્ષા ના) | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫- | નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૬- | સયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી આદિમજુથ) | સભ્ય |
| ૭- | નિયામકશ્રી, આદિમજુથ | સભ્ય સચિવશ્રી |

૮. ઉપર્યૂકત યોજનાના અમલીકરણ માટે નીચે દર્શાવેલી શરતોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.:-

(૧) સને ૨૦૧૩-૧૪ની જોગવાઇને આધીન નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડાતા ધારાધોરણોને સ્વાધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) પ્રસ્તુત કામે ટેંડર પ્રોસેસીંગ બાબતમ. ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ તાઃ૨૬/૧૧/૨૦૦૬ અન્વયે " ઇ " ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) બાંધકામની પેટા યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના પ્રવર્તમાન S.O.R મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રીક મંજુરી મેળવવવાની રહેશે.

(૫) જમીન સંપાદન બાબતમાં વિભાગે જો કોઇ કામગીરી કરવાની બાકી રહી જતી હોય તો તે સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે કોઇપણ સંજોગોમાં જમીન સંપાદનના અભાવે યોજનાની કામગીરી ખોરંભે ના પડે તે તથા યોજનાના હેતુલક્ષી લાભો મેળવવામાં જમીન સંપાદનના કારણોસર કોઇ અવરોધ ઉભો થવા ના પામે, તે બાબતે વર્કઓર્ડર આપતી વખતે ચોકસાઇ કરવાની રહેશે.

(૬) પ્રસ્તુત યોજના માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરવાની રહેશે.

(૭) આ યોજના અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રી પ્રવર્તમાન નીતિ, ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૮) આ યોજના માટે ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી સહાય અગ્રતાક્રમે મેળવી લેવાની રહેશે.

(૯) આ યોજનાનો અમલ સમયસર અને પારદર્શક થાય તે માટે વહીવટી વિભાગે યોજનાનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે

(૧૦) આ યોજના અંગેનું ખર્ચ વર્ષ ૨૦૧૩-૧૪ થી કરવાનું રહેશે.

(૧૧) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે

૫. નિયામકશ્રી, આદિમજુથએ આ યોજનાના જિલ્લાવાર લક્ષ્યાંક ફાળવી મૂલ્યાંકન માટે જરૂરી ફોર્મ તૈયાર કરવાના રહેશે આ યોજનાની સિધ્ધિ અંગેની માહિતિ વિભાગને નિયમિત મોકલી આપવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી નાણાં વિભાગની તા:૧૮/૧૧ /૨૦૧૩ નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.પી.જૈન)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી,(આ.વિ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.વિ.વિ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી (મહેકમ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (સેવા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડી-સેગ
- કમિશનરશ્રી (આ.વિ)ના અંગત મદદનીશ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નાયબ કમિશનરશ્રી,(આ.વિ)ના અંગત મદદનીશ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી (આ.વિ)
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.